## સુરત મહાનગરપાલિકાની નગર નિયોજન સમિતિની તા.૪–૯–૨૦૨૫ ના રોજ મળેલ સભામાં નીચે મુજબનો ઠરાવ પસાર થયો હતોઃ–

* * * * *

મ્યુ.કમિશનરશ્રીના તા.૨–૭–૨૦૨૫ ના પત્ર નં.સીમીસ/૮/૬ થી વિદિત થઈ, નગર રચના અધિકારી અને નગર નિયોજકશ્રી–૧, સુરત નગર રચના યોજના, એકમ–૨, સુરતના તા.૧૮/૦૭/૨૦૨૪ ના પત્રથી પાઠવેલ વિગતો તથા નકશા ધ્યાને લઈ, મુસદ્દારૂપ નગર રચના યોજના નં.૩૩ (તલંગપોર–ઉંબેર) માં સમાવિષ્ટ મોજેઃ તલંગપોર ના બ્લોક નં.૬૪૭, ૬૪૮ ની માલિકી જી.આઈ.ડી.સી. ની હોય, ધી ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ–૧૯૭૬ ની કલમ–૬૩ હેઠળ મંજુર મુસદ્દારૂપ નગર રચના યોજના નં.૩૩(તલંગપોર–ઉંબેર) (ક્ષેત્રફળ ૧૯૮.૦૬૦૮ હેકટર) વિસ્તારને આ સાથે પત્ર–વ્યવહાર વિભાગના પાના નં.૧૫૭ ઉપર સામેલ નકશામાં દર્શાવ્યા મુજબ નગર રચના યોજના નં.૩૩/એ (અંદાજિત ક્ષે.૧૯૬.૬૪૫૮ હેકટર) અને નગર રચના યોજના નં.૩૩/બી (અંદાજિત ક્ષે.૧.૪૧૫૦ હેકટર) માં વિભાજીત કરવા અંગે તથા તે અન્વયે આગળની જરૂરી કાર્યવાહી કરવા સરકારશ્રી ધ્વારા નિયુકત નગર રચના અધિકારીશ્રીને અનુમોદન આપવા તથા સદર બાબતે નગર રચના અધિકારીશ્રી / સરકારશ્રી સાથે જરૂરી પત્ર વ્યવહાર કરવા તથા ધી ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ–૧૯૭૬ ની જોગવાઈઓ સહિતની અન્ય તમામ આનુસાંગિક કાર્યવાહી કરવા મ્યુ.કમિશ્નરશ્રીને અધિકૃત કરવા આ સમિતિ સામાન્ય સભાને ભલામણ કરે છે.

**ઠરાવ નં.૧૧/૨૦૨૫ સર્વાનુમતે મંજુર.**

---

પ્રો.રા.જનરલ બોર્ડ,

સહી/–
ઈ.ચા.મ્યુ.સેક્રેટરી,
સુરત મહાનગરપાલિકા
તા. –૯–૨૦૨૫.

*CSP*

"This content is generated from www.suratmunicipal.gov.in for information purpose."

FOR INFORMATION PURPOSE ONLY

## સુરત મહાનગરપાલિકાની નગર નિયોજન સમિતિની તા.૪–૯–૨૦૨૫ ના રોજ મળેલ સભામાં નીચે મુજબનો ઠરાવ પસાર થયો હતોઃ–

*****

મ્યુ.કમિશનરશ્રીના તા.૧૮–૮–૨૦૨૫ ના પત્ર નં.સીમીસ/૮/૭ થી વિદિત થઈ, સરકારશ્રીના હુકમ ક્રમાંક UDUHD/TPS/e-file/18/2025/1944/L, તા.૨૧/૦૩/૨૦૨૫ તથા સુધારા હુકમ ક્રમાંક UDUHD/TPS/e-file/18/2025/1944/L, તા.૨૦/૦૬/૨૦૨૫ થી મુસદ્દારૂપ નગર રચના યોજના, સુરત નં.૯૪(મોટાવરાછા) પ્રસિધ્ધ કરવાની સમયમર્યાદામાં તા.૨૦/૦૬/૨૦૨૫ થી વધુ ત્રણ માસનો વધારો એટલે કે તા.૧૯/૦૯/૨૦૨૫ સુધીમાં પ્રસિધ્ધ કરવાના હુકમ ધ્યાને લઈ મુસદ્દારૂપ નગર રચના યોજના, સુરત નં.૯૪(મોટાવરાછા) માં નીચે મુદ્દા નં.(૧) માં જણાવ્યા મુજબનો સુધારો કરવાનું અને તેને આનુસાંગિક ફેરફારો કરી, મુસદ્દારૂપ નગર રચના યોજના, સુરત નં.૯૪ (મોટાવરાછા)ને ધી ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ–૧૯૭૬ ની કલમ–૪૨ (૧) હેઠળ સદરહુ નગર રચના યોજનાનો મુસદ્દો પ્રસિધ્ધ કરવાની કાર્યવાહી કરવા તથા તેને આનુસાંગિક તમામ જરૂરી કાર્યવાહી કરવા મ્યુનિસીપલ કમિશ્નરશ્રીને અધિકૃત કરવાનું ઠરાવવામાં આવે છે.

(૧) આ સાથે સામેલ પાર્ટ પ્લાનમાં દર્શાવ્યા મુજબ, અનામત અંતિમખંડ નં.આર–૪૭ નો હેતુ "સેલ ફોર રેસિડેન્શિયલ" તથા અનામત અંતિમખંડ નં.આર–૪૯ ના હેતુ "એસ.ઈ.ડબલ્યુ.એસ.એચ." કરવા તથા તેને આનુસાંગિક ફેરફાર કરવા.

**ઠરાવ નં.૧૨/૨૦૨૫ સર્વાનુમતે મંજુર.**

---

સ.ર.મ્યુ.કમિશનરશ્રી પ્રતિ,

સહી/–
ઈ.ચા.મ્યુ.સેક્રેટરી,
સુરત મહાનગરપાલિકા
તા. –૯–૨૦૨૫.

*CSP*

FOR INFORMATION PURPOSE ONLY

“This content is generated from www.suratmunicipal.gov.in for information purpose.”